सत्यमेव जयते

## સુરતના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત

**ફોજદારી કેસ નંબર– ૨૮૩૩/૨૦૨૪**

**આંક–**

**::નમૂના – અ::**

| મે.સુરત ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૮૩૩/૨૦૨૪ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | આઇ.પી. સી કલમ–૩૨૪ અને૩૨૬ મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૬–૦૯–૨૦૧૧ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પો.સ્ટે.સુરત |
| ફરિયાદ પક્ષ | શ્રી અર્જુન તેજભાન કુર્મી |
| રજુઆત | વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **લાલાભાઇ રામભાઇ પટવાડી(ફરાર),**<br>ઉ.વ.૨૧, ધંધો : બેકાર,<br>રહે.: લંબે હનુમાન રોડ ફુટપાથ ઉપર, મુળ રહે.સોનાની ચાલ સોસાયટીની પાસે, નહેર ઉપર ઝુંપડામાં, અમદાવાદ. |
| આરોપી પક્ષ ની રજુઆત | વિ.વ.શ્રી એચ.એન.ખાન |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૬–૦૯–૨૦૧૧ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૧૬–૦૯–૨૦૧૧ |
| આખરી માહિતી અહેવાલની તારીખ | ૨૫–૧૦–૨૦૧૧ |
| તહોમતનામાની તારીખ | ૧૨–૧૨–૨૦૧૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮–૧૨–૨૦૧૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

**:: આરોપીની વિગત ::**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **લાલાભાઇ રામભાઇ પટવાડી(ફરાર),** ઉ.વ.૨૧, ધંધો : બેકાર, રહે.: લંબે હનુમાન રોડ ફુટપાથ ઉપર, મુળ રહે.કાલુપુર સોનાની ચાલ સોસાયટીની પાસે, નહેર ઉપર ઝુંપડામાં, અમદાવાદ. | ૧૭/૦૯/૨૦૧૧ | ૨૭/૦૨/૨૦૧૨ | આઇ.પી.સી કલમ–૩૨૪ અને ૩૨૬ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો | – | – |

**:: નમુનો ક ::**

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ.નં.** | **સાહેદનું નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સ.૧ | અંતરસીંગ માંગીલાલ બગાડા | ૯ | પંચ |

| | | | |
|---|---|---|---|
| ફ.સ.૨ | ગંગારામ માંગીલાલ બગાડા | ૧૧ | પંચ |
| ફ.સ.૩ | સોમાભાઇ પરદેશી | ૧૨ | સાહેદ |
| ફ.સ.૪ | જીવણ માંગીલાલ | ૧૩ | પંચ |
| ફ.સ.૫ | હનુમાન મંગનાજી | ૧૫ | સાહેદ |
| ફ.સ.૬ | કાજલ ગોરધનભાઇ વીરડીયા | ૧૭ | ડોકટર |
| ફ.સ.૭ | ચંદ્રકાંત રતિલાલ | ૨૧ | પંચ |
| ફ.સ.૮ | ડો.ઓમકાર સીતારામ ચૌધરી | ૨૪ | મેડી.ઓફિ. |
| ફ.સ.૯ | પ્રકાશભાઇ જીવણભાઇ | ૩૭ | ત.ક.અ. |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ નં. | આંક સખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | આંક ૬ – ૧૦ | પંચનામુ |
| ૨ | આંક ૬ – ૧૪ | ઝેરોક્ષ પંચનામુ |
| ૩ | આંક ૬ – ૧૮, ૨૬ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | આંક ૬ – ૩૭ | તપાસ હુકમ |
| ૫ | આંક ૬ – ૩૮ | ફરિયાદ |
| ૬ | આંક ૬ – ૩૯ | એફ.આઈ.આર. |

**બ) બચાવ પક્ષ**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| **અનુ નં** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| **અનુ નં** | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ ૫–૧ | – |
| ૨ | ભૌ ૫–૨ | – |

**–:: ઠરાવ ::–**

(૧) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>**

આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૬/૦૯/૨૦૧૧ ના રોજ કલાક.૧૩/૩૦ વાગેના સુમારે સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં.૩ અને પ્લે નં.૪ ની વચ્ચે લુપ લાઇન ઉપર ઉભેલી મેમુ ટ્રેનની ખાલી રેકમાં કોઈ અજાણ્યા પેસેંજર સાથે ઝઘડો કરતો આ કામના ફરિયાદીશ્રીના જોવામાં આવતાં પેસેન્જરની મદદ માટે જતાં ઝપાઝપી થતાં આ કામના આરોપીએ ફરિયાદીશ્રીને બ્લેડ જેવી ધારદાર વસ્તુથી ગાલ ઉપર ઇજા પહોંચાડી નાસી ગયેલ અને ત્યારબાદ સાંજના સાડા છ સાતેક વાગ્યાના અરસામાં તાટતી ગંગા એક્સ.ટ્રેન આવતાં પેસેંજરોની ભીડમાં આરોપી પ્લે નં.૪ ઉપર લારી પાસે આવતાં આ કામના ફરિયાદીએ તેની પાસેના સાહેદ સોમાભાઇ તથા રાહુલસીંગનાઓ બતાવતાં તેઓએ આ ફરિયાદીશ્રીને કેમ

તમે મારેલ છે તેમ કહેતાં આ કામના આરોપી ઉશ્કેરાઇ જઇ સાહેદ સોમાભાઇને જમણા હાથની પ્રથમ આંગળીએ બચકુ ભરી ચાવી સંપર્ણ ખાઇ જઇ ઇ.પી.કો કલમ–૩૨૪ અને ૩૨૬ મુજબનો ગુન્હો કરેલ હોય આ અંગે આરોપી સામે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૨૩/૧૧ થી દાખલ થતાં, આ કામની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ કરતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીને આંક– ૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે, આંક– ૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે, જેથી કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

આ કામે રેકર્ડ જોવામાં આવે તો ખુબ જ જુનો કેસ છે આરોપીને અનેકવાર સમંસ /વોરંટ કરવામાં આવેલ છે સમંસ/વોરંટની બજવણી કરેલ નથી. અને આરોપી હાજર થતા નથી આરોપીના જામીનદારને પણ અનેકવાર નોટીસ/રીકવરી વોરંટ કાઢવામાં આવેલ છે તેની પણ બજવણી કરેલ નથી કે જામીનદાર હાજર થયેલ નથી , સદર કેસ જુનો હોય આરોપી મળી આવતા ના હોય જેથી આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવો ઉચીત જણાઇ આવતો હોય, આ કેસમાં સીઆરપીસીની કલમ ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવાને રેકર્ડ કરી કેસમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩) <u>આરોપીનુ વિશેષ નીવેદન :–</u>**

નામદાર સુપ્રિમ કોર્ટ ના Basavaraj R. Patil v. State of Collector;. AIR 2000 SC 3214, માં ઠરાવેલ છે કે,

as a general rule, it is necessary that in all cases the accused must answer the questions put to him under section 313(1)(b) by personally remaining present in the court. However, **if remaining present involves undue hardship and large expense the court can dispense such examination even in warrant cases after adopting a measure to comply with the requirements of section 313, Cr.P.C. in a substantial manner.**

આ કેસમાં પણ આરોપી ને અનેકવાર સમંસ તથા વોરંટ કરવામાં આવેલ છે તેમ છતાં પણ આરોપી હાજર થયેલ નથી અને આ કેસ ઘણા વર્ષો થી પેન્ડીંગ છે ત્યારે આરોપીના સીઆરપીસીની કલમ ૩૧૩ મુબજના નીવેદન ઉપરોકત જજમેન્ટ મુજબ ડીસ્પેન્સ વિથ કરવામાં આવેલ છે.

(૪)**દલીલો :-**

અ) ***ફરીયાદપક્ષની દલીલ :-***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમાર ને સાંભળવામાં આવેલ છે તેઓની દલીલ છે કે આ કામે તમામ પુરાવાઓ જોવામાં આવે તે સાથે આરોપી તર્ફે આરોપી હાજર ન હોવાથી આરોપી તર્ફેની દલીલ સાંભળવામાં આવેલ નથી અને કેસ આગળ ચલાવવામાં આવે છે.

બ) ***બચાવપક્ષની દલીલ :-***

બચાવપક્ષે આરોપી તર્ફે કોઈ હાજર નહી હોય દલીલ સાંભળવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ઘ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૧૬/૦૯/૨૦૧૧ ના રોજ કલાક.૧૩/૩૦ વાગેના સુમારે સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં.૩ અને પ્લે નં.૪ ની વચ્ચે લુપ લાઇન ઉપર ઉભેલી મેમુ ટ્રેનની ખાલી રેકમાં કોઇ અજાણ્યા પેસેંજર સાથે ઝઘડો કરતો આ કામના ફરિયાદીશ્રીના જોવામાં આવતાં પેસેન્જરની મદદ માટે જતાં ઝપાઝપી થતાં આ કામના આરોપીએ ફરિયાદીશ્રીને બ્લેડ જેવી ધારદાર વસ્તુથી ગાલ ઉપર ઈજા પહોંચાડી નાસી ગયેલ અને ત્યારબાદ સાંજના સાડા છ સાતેક વાગ્યાના અરસામાં તાટતી ગંગા એકસ.ટ્રેન આવતાં પેસેંજરોની ભીડમાં આરોપી પ્લે નં.૪ ઉપર લારી પાસે આવતાં આ કામના ફરિયાદીએ તેની પાસેના સાહેદ સોમાભાઇ તથા રાહુલસીંગનાઓ બતાવતાં તેઓએ આ ફરિયાદીશ્રીને કેમ તમે મારેલ છે તેમ કહેતાં આ કામના આરોપી ઉશ્કેરાઇ જઇ સાહેદ સોમાભાઇને જમણા |

| | |
|---|---|
| | હાથની પ્રથમ આંગળીએ બચકુ ભરી ચાવી સંપર્ણ ખાઇ જઇ ઇ.પી.કો કલમ–૩૨૪ અને ૩૨૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**<u>–:: પુરાવાનુ મુલ્યાંકન ::–</u>**

## (૮) <u>મુદા નં.–૧ ની ચર્ચા :–</u>

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ –૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ ત્હોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) <u>કાયદાની જોગવાઈઓ</u> :–

ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪ અને ૩૨૬ મુજબનો આક્ષેપ છે. તો સૌપ્રથમ આ કલમ અંગે જોઈએ તો,

(૯. ૧ )<u>કલમ ૩૨૪ :– ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા સ્વચ્છાપુર્વક વ્યથા પહોંચાડવાની સજા</u>

કોઈ પણ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાનાં, ભોંકવાનાં અથવા કાપવાનાં સાધન વડે અથવા જે સાધનન આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલાં કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવાં પદાર્થ વડે અથવા કોઈપ પ્રાણી મારફત સ્વેચ્છપુર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

<u>કલમ ૩૨૪ ના તત્વો</u> :–

૧. આરોપીએ ભોગ બનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી.

૨. આવી ઈજા આરોપીઓ, ઈજા પહોંચાડવાનાં ઈરાદાથી અથવા તેને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે સ્વેચ્છપુર્વક પહોંચાડી.

૩.આ ઈજા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે કરવામાં આવી હતી અથવા જે સાધનનો આકમક હથિયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે ઝેર કે ક્ષયજનક પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ વડે કરવામાં આવી હતી અથવા કોઈ પદાર્થ શ્વાસમાં લેવાથી, ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે કે કોઈ પ્રાણી મારફત આવી વ્યથા પહોંચાડવામાં આવી હતી.

(૯.૨) <u>કલમ ૩૨૬ :– ભયંકર હથિયાર અથવા સાધનો વડે સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા બાબત</u>

જે કોઇ વ્યકિત, કલમ ૩૩૫ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના, કાંપવાના કોઇ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત

નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે કોઇ તપાવેલ પદાર્થ વડે અથવા કોઇ ઝેરી કે ક્ષયજનક (સડો કરે તેવું) પદાર્થ વડે કોઇ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ સ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીરને નુકસાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઇ કોઇપણ પશુ મારફત સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને ૧૦(દસ)વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>કલમ ૩૨૬ ના તત્વો :–</u>**

આરોપીએ...,

- (અ)ગોળી છોડવાના, ભોંકવાના અથવા કાંપવાના સાધન વડે અથવા
- (બ)એવું ધારદાર તીક્ષ્ણ હથિયાર કે જેનાથી ઇજા થવાથી મૃત્યુ નિપજે તેવી સંભાવના હોય તેવા સાધન વડે અથવા
- (ક)આગ કે ગરમ સાધન વડે
- (ડ)ઝેરી કે વિનાશક પદાર્થ કે સ્ફોટક પદાર્થ કે અથવા જે પદાર્થ સ્વાસમાં જવાથી અથવા જે પદાર્થ ગળી જવાથી અથવા લોહીમાં ભળી જવાથી માનવ શરીરને હાનિ થાય એમ હોય એવા પદાર્થ વડે અથવા પ્રાણી ધ્વારા સ્વેચ્છાએ ભોગ બનનારને મહાવ્યથા પહોંચાડેલ છે.

**(૧૦)** ફરિયાદી સાહેદ નં.૧ **(PW-1)** અંતર માંગીલાલને ફરિયાદપક્ષે આંક–૯ થી તપાસવામાં આવેલા છે તેઓ સ્થાનિક જગ્યાના પંચ છે અને તેઓએ તેમની જુબાનીમાં સ્થાનિક જગ્યાએ ગયેલા અને ત્યાં પંચનામુ કરેલું તેવી જુબાની આપેલ છે અને આ જગ્યા સોમાભાઇ પરદેશીની બતાવેલ છે અને આંક–૧૦ વાળુ પંચનામુ રજુ કરેલ છે. પરંતુ આ સાહેદે તેમની ઉલટતપાસમુ પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી તેવી કબુલાત કરેલી છે.

**(૧૧)** ફરિયાદી સાહેદ નં.૨ **(PW-2)** ગંગારામ માંગીલાલ બગાડાને ફરિયાદી તરફે આંક–૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ ઇજા પામનાર છે અને તેઓને આંગળીના ભાગે ઇજા થયેલ હતી. આ સાહેદે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે બનાવના દિવસે ત્રણેક મહિના પહેલા સાંજના સમયે તેઓને ત્યાં કામ કરતા સોમાભાઇ પરદેશી તથા અર્જુન વચ્ચે અર્જુને જણાવ્યા મુજબ એક છોકરાએ તેને બ્લેડ મારેલી અને ફરીથી સાંજે સોમાભાઇને આંગળી ઉપર બચકું ભરેલું. આ બનાવ બોલાચાલી થઇ હતી કે કેમ તે તેઓને ખબર નથી અને બનાવની જાણ તેમને ઇજા પામનારે કરેલી તેથી થયેલ હતી. જેથી આ સાહેદે ઉલટતપાસમાં તેઓએ

બનાવ નજરે જોયેલ નથી તેવું સ્વીકારે કરેલ છે. આ સાહેદ પી.એસ.આઇ સાહેદ છે. અને તેમને વાતોવાતોથી બનાવની જાણ થયેલી તેણે તેવી જુબાની આપેલ છે.

(૧૨) ફરિયાદી સાહેદ નં.૩ **(PW-3)** સોમાભાઇ શિવવંશ પરદેશીને ફરિયાદપક્ષે આંક–૧૨ થી તપાસવામાં આવેલા છે તેઓ ઈજા પામનાર છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ગંગારામભાઈની લારી પર નોકરી કરતા હતા અને ત્રણ–ચાર મહિના અગાઉ આરોપીએ અર્જુનભાઇને બ્લેડ મારેલ હતી અને આ સાહેદે છોડાવવા જતાં આરોપીએ ઉશ્કેરાઇ જઇ જમણાં હાથની પહેલી આંગળી ઉપર મોઢામાં નાંખી જોરથી બટકું ભરેલું તેથી સાહેદનુ ખુબ લોહી નીકળેલું અને કપડા પર લોહી પડેલેં અને આંગળીનો ઉપરનો ભાગ જુદો થઇ ગયેલો. તે વખતે રાહુલ તથા બીજો એક માણસ હાજર હતો અને આ અંગે પોલીસ કેસ થયેલો. તેઓ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ગયેલા પરંતુ ત્યાં પુરતી સારવાર મળેલ નહી તેથી નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો અને કપડાં કબજે કરેલા અને આ બનાવની તેમને કાયમી ખોડ રહી ગયેલ છે. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે આરોપીને તેઓ જોયેથી ઓળખી શકે નહી જેથી ફરિયાદપક્ષે તેને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછવાના પ્રશ્નોની પરવાનગીથી સ્પષ્ટ રીતે તમોને બચકું ભરેલું આરોપી તે જ છે તેમ પુછવા જતાં રાત્રીનો સમય હોવાથી સાહેદ તેને ઓળખી ના શકે તેમ જણાવેલ હતું. જેથી તમામ જુબાની ઉપરથી આ સાહેદની આંગળી ઉપર બચકું ભરેલ છે તેનો ભાગ અલગ કરી નાંખેલ છે અને ગંભીર ઇજા પહોંચાડેલ છે. પરંતુ આ ઈજા પહોંચાડનાર હાલના આરોપી હતા તેવી ઓળખ આ જુબાની થી છતી થતી નથી. તેઓએ ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે અર્જુનભાઇને આરોપીએ બ્લેડ મારેલી તે તેઓએ નજરે જોયેલ નથી.

(૧૩) ફરિયાદી સાહેદ નં.૪ **(PW-4)** જીવણ માંગીલાલને આંક–૧૩ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ ફરિયાદીના શરીરસ્થિતિના પંચ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેમની સામે કોઇ કાર્યવાહી કરેલ નથી માત્ર સહી કરેલ હતી અને પંચનામામાં સહીઓ ઓળખી બતાવતા હોય તેને આંક આપવામાં આવેલ છે. તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પ્રશ્નો પુછવા છતાં મદદ કરતા જુબાની આપેલ નથી.

(૧૪) ફરિયાદી સાહેદ નં.૫ **(PW-5)** હનુમાન મગનાજીને આંક–૧૫ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ સ્ટેશન ઉપર છુટક મજુરીનું કામ કરે છે અને સામે સોમાને તેઓ ઓળખે છે. બનાવ બે–ચાર મહિના પહેલા બનેલો ત્યારે લાલાએ સોમાની આંગળી ખાઇ ગયેલો અને બંને ઝઘડતા હતા. તેઓએ છોડાવેલા અને કયાં હાથની આંગળીએ બટકું ભરેલું તે તેમને ખબર નથી. ત્યારપછી પોલીસને બોલાવેલા અને

તેમની પુછપરછ કરેલી અને આરોપીની ઓળખી બતાવેલ છે. આ સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે કયાં હાથની આંગળીએ બટકું ભરેલું તે તેમને ખબર નથી એટલે કે તેઓને ઈજા અંગે કયા હાથમાં થયેલી તે સ્પષ્ટ નથી.

(૧૫) ફરિયાદી સાહેદ નં.૬ **(PW-6)** ડોકટર કાજલ ગોરધનભાઇ વીકડીયાને ફરિયાદપક્ષે આંક–૧૭ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં અર્જુનભાઇને જમણા ગાલ ઉપર ઉજરડો હતો તેની સારવાર કરેલી. તેઓએ ડ્રેસીંગ કરેલું અને તેઓને દર્દીએ હિસ્ટ્રી આપેલ નહિ અને તેઓએ સર્ટીફિકેટ રજુ કરેલ છે તે આંક–૧૮ થી રજુ કરેલ છે. આ ઈજા સાદી હતી તેમ જણાવે છે. ઉલટતપાસમાં દર્દી એકલા જ આવેલા અને આ ઈજા કેવીરીતે થયેલ તે અંગે કોઇ હકીકત જણાવેલ નથી. આંક–૧૮ વાળા સર્ટીફિકેટમાં પણ હિસ્ટ્રી બાબતે કોઈ જ હકીકત લખેલી નથી. દર્દીએ હિસ્ટ્રી આપેલ નથી.

(૧૬) ફરિયાદી સાહેદ નં.૭ **(PW-7)** ચંદ્રકાંત રતીલાલ કોસંબીયાને આંક–૨૧ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે. તેઓ સાહેદના કપડા કબજે કરેલાના પંચ છે. તેઓને પંચનામા વિશે કરી ખબર નથી અને માત્ર સહી ઓળખી બતાવે છે. પંચનામાને આંક–૨૨ થી આપવામાં આવેલ છે. આં સાહેદનને ફરી ગયેલા જાહેર કરી ફરિયાદપક્ષે પરવાનગીથી ઉલટતપાસના પ્રશ્નો પુછવામાં આવેલા છે તેમ છતાં પણ ફરિયાદપક્ષને મદદ કરતા કોઈ હકીકત આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ નથી.

(૧૭) ફરિયાદી સાહેદ નં.૮ **(PW-8)** ડો.ઓમકાર સીતારામ ચૌધરીને ફરિયાદપક્ષે આંક–૨૪ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે તા.૧૬/૦૯/૨૦૧૨ ના રોજ તેમની ફરજ દરમિયાન પોલસ યાદી વગર સારવાર માટે સોમાભાઇ પરદેશી આવેલા અને તેમને ઈજા કેવીરીતે થયેલી તે અંગે પુછતાં તેમને જાતે કાંઇ જણાવેલ નહી અને તેમને જમણા હાથની પહેલી આંગળીના ઉપરનો ટોપનો ભાગ સંપૂર્ણરીતે કપાઇ ગયેલ હોય. તેઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ હાડકાના વિભાગમાં વધુ સારવાર માટે મોકલી આપેલ. તેઓને બહારના દર્દી તીકે સારવાર આપેલ છે અને મેડીકલ સર્ટીફિકેટ ઇસ્યુ કરેલું તે આંક–૨૫ થી રજુ છે. આ સાહેદે ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે કોણે ઈજા કરેલી તે તેમને જણાવેલ નહિ.

(૧૮) ફરિયાદી સાહેદ નં.૯ **(PW-9)** પ્રકાશભાઇ જીવણભાઈને ફરિયાદપક્ષે આંક–૩૭ થી તપાસવામાં આવેલા છે તેઓ પી.એસ.ઓ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે ફરિયાદી અર્જુનભાઇ આવેલા અને તેમની ફરિયાદ લઇ ગુનો દાખલ કરેલ અને તપાસ એમ.એસ.લશ્કરી સાહેબ પી.એસ.આઇ. નાઓને સોંપેલી અને તપાસ હુકમ આંક–૩૭ થી તથા

ફરિયાદ આંક–૩૮ થી અને એફ.આઇ.આર આંક–૩૯ થી રજુ કરેલ છે. આ સાહેદે માત્ર ફરિયાદ ફરિયાદીના જણાવ્યા મુજબ લખી લીધેલી અને ગુનો દાખલ કરેલો.

**(૧૯)** આ કામના ફરિયાદી અર્જુનભાઇને અનેકવાર અત્રેની અદાલતમાં સમન્સ કરવામાં આવેલ છે પરંતુ તેઓ હાજર થયેલા નથી કે જુબાની આપેલ નથી. અનેકવાર સમન્સ કરવા છતાં પણ હાજર થયેલ નહિ હોય અને આ કેસનું ચાર્જશીટ વર્ષ ૨૦૧૧ માં કરવામાં આવેલ હોય. આ કેસ લગભગ પંદર વર્ષ જુનો હોય વધુ સમય પસાર નહી કરતા આ કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૨૦)** આ કામે પંચસાહેદ નં.૮ રામસિંગ હરસિંગભાઈ ઝાલા તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજ તથા આ કામના ત.ક.અ પી.એસ.આઇ એમ.એસ.લશ્કરી તા.૨૫/૧૧/૨૦૧૫ ના રોજ અવસાન ગયેલ હોય આ કામે તપાસવામાં આવેલા નથી.

**(૨૧)** આરોપીને અનેક વાર સમંસ વોરંટ કરવા છતા પણ આરોપીઓ મળી આવેલ નથી અને તેથી આરોપીઓની ગેર હાજરીમાં પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને વિશેષ નિવેદન ડીસ્પેન્સ વિથ કરવામાં આવેલ છે તથા દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે ત્યારે સીઆરપીસીની કલમ ૩૫૩(૬) વંચાણે લેતા તેમાં આરોપીની ગેર હાજરીમાં ઠરાવ જાહેર કરી શકાય તેવી જોગવાઈ હોય ઘણા સમય થી આ કેસ પેન્ડીંગ હોય આરોપીની ગેરહાજરીમાં ઠરાવ જાહેર કરવો ઉચીત જણાઈ આવે છે.

આ કામે સમગ્ર પુરાવો જોવામાં આવે તો બંને ડોકટરની જુબાની ધ્યાને લેતા આ કામના બંને સાહેદોએ કોઇ હિસ્ટ્રી જણાવેલ નથી પણ ઇજા પામનાર કે જેની આંગળી કપાઇ ગયેલ હતી તેણે આ કામના આરોપીને ઓળખી બતાવેલ નથી તથા પંચો હોસ્ટાઇલ થયેલ છે, ત.ક.અ ને તપાસવામાં આવેલ નથી, અન્ય સાહેદો પણ ફરિયાદપક્ષને મદદ કરતા નથી તથા ફરિયાદી ઘણો સમય થયેલ હોય મળી આવતા ન હોય ફરિયાદ પી.એસ.ઓ ની સહિથી આંક આપવામાં આવેલ છે ત્યારે ફરિયાદપક્ષ ફરિયાદના તત્વો સાબિત કરી શકેલ નહિ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવેલ છે.

***–:: હુ ક મ ::–***

આ કામના આરોપી **લાલાભાઇ રામભાઇ પટવાડી(ફરાર),** ઉ.વ.૨૧, ધંધો : બેકાર, રહે.: લંબે હનુમાન રોડ ફુટપાથ ઉપર, મુળ રહે.સોનાની ચાલ સોસાયટીની પાસે, નહેર ઉપર ઝુંપડામાં,

અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) સાથે વાંચતા ૩૫૩(૬) અન્વયે ઈ.પી.કો કલમ– ૩૨૪, ૩૨૬ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમયગાળા સુધીના રૂ.૫૦૦૦/–ના જામીન રજુ કરવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૧ મી એપ્રિલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૧/૦૪/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
(જી.જે.૦૧૪૬૮)